પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**** હથીયારબંધી જાહેરનામું ****

****ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) ૨૦૨૩ ની કલમ – ૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબ અન્વયે કાઢેલ હુકમ ****

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

ક્રમાંકઃ એસબી/જાહેરનામું/ ૬૫૮૬ /૨૦૨૫
તા.૨૨/૦૪/૨૦૨૫

રાજકોટ શહેરમાં હાલની વર્તમાન પરીસ્થિતીમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવાર તેમજ રેલી/ધરણાના કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ હાલની આંતકવાદી પ્રવૃતિ લક્ષમાં લેતા કોઇપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય, જાહેર સલામતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે તથા પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીઝના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇને ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા તેમજ જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે અને આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયોમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી રાજકોટમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. લાયસન્સવાળા હથિયારોથી કરેલ ગુનાઓમાં કેટલીક ફરીયાદો પણ દાખલ થયેલ છે. જેથી પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીઝના માણસો જાહેર જગ્યામાં લાયસન્સવાળા હથિયારો લઇને ફરે નહીં તે પ્રવૃતિ અંકુશમાં લેવી પણ જરૂરી જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) ૨૦૨૩ ની કલમ – ૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ ની કલમ – ૨૨૩ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

****પ્રતિબંધિત કૃત્યો****

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, તથા છરી/ ચપ્પા તથા શારીરીક હિંસા પંહોચાડવામાં, ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો જાહેરમાં લઇ જવાની કે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર.

(૨) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઇ જવા ઉપર.

(૩) કોઇ પણ શરીરને હાનિ પહોચાડે તેવો સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર.

(૪) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની તથા એકઠા કરવા ઉપર તથા તૈયારી કરવા ઉપર.

(૫) સરઘસ સાથે સળગતી મશાલ રાખવા ઉપર.

(૬) વ્યકિતના પુતળા બાળવા-લટકાવવા-પુતળાને ફાંસી આપવા ઉપર.

(૭) પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઇ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા ઉપર.

(૮) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા ઉપર.

(૯) જીગઝેક પ્રકારના ચાઇનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા ઉપર.

(૧૦) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

****અમલવારીના સમય****

આ હુકમનો અમલ તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી

**** અમલવારીનો વિસ્તાર ****

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

******અપવાદ******

આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી

(૧) આ જાહેરનામું જે વ્યકિતઓ સરકારી / અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યુ હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેને લાગુ પડશે નહીં.

(૨) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇ પણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(3) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખઃ- ૨૨ /૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકાથી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ સવિનય રવાનાઃ-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, કાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગુ.રા., ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પો.ઇન્સ. શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર કાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)